# વડવો ઈસિહાક

## ફાધર વર્ગીસ પોલ

ઇસહાક ઈશ્વરે અબાહામ ઇને સારાને આપેલા વચન પ્રમાણે એમની વૃદ્ધાવસ્થામાં જન્મેલો પુત્ર છે. અબાહામ, ઇસહાક અને ઈસહાકના પુત્ર યાકોબને યહૂદી પ્રજા અને સૌ ખ્રિસ્તી લોકો પોતાના વડવાઓ ગણે છે. બાઈબલના ‘મહાપ્રસ્થાન’ ગ્રંથમાં ઈશ્વર મોશેને સળગતાં ઝાંખરાના રૂપે દર્શન દઈને કહે છે. ”હું તારા વડવાઓનો ઈશ્વર છું. અબાહામનો, ઇસહાકનો અને યાકોબનો ઈશ્વર છું.”

ઈશ્વરના કહ્યા મુજબ અબાહામ પોતાના વાહલા પુત્ર ઈસહાકની આહુતિ આપવા મોરિયા પ્રદેશમાં જાય છે. ત્યાં અબાહામ ઈસહાકને બાંધીને એની આહુતિ આપવા તૈયાર થાય છે ત્યારે ઈશ્વર અબાહામને રોકીને વચન આપે છેઃ ”હું મારી જાતના સોગંદ લઉં છું. કે, તે આ કામ કર્યું છે અને તારા દીકરાને, તારા એકના એક દીકરાને. મને ધરાનતાં તું અચકાયો નથી. એટલે હું જરૂર તને આશીર્વાદ આપીશઃ તારા વંશજોને આકાશના તારા જેટલો, દરિયાકાંઠાની રેતી જેટલા વધારીશ અને તારા વંશજો પોતાના દુશ્મનોને કબજે કરશે.” અને તેરા વંશજોને કારણએ ધરતી ઉપરની બધી પ્રજાઓ આશીર્વાદ પામશે, કારણ તે મારું કહ્યું છે.”

હવે અબાહામ ખૂબ વૃદ્ધ થયો ત્યારે તેણે પોતાના પુત્ર ઇસહાક માટે વહુ શોધવા માંડી. તેણે પોતાના જૂનામાં જૂના ભરોસાપાત્ર નોકરને બોલાવીને અને અ કામ સોંપતાં કહ્યું. ”જે કનાનીઓની વચ્ચે હું વસું છું તેમની દીકરીઓમાંથી તું મારા દીકરા માટે વહુ નહિ લાવે. પણ મારા દેશમાં મારા સગાંવહાલાંઓમાં જઈને ત્યાંથી મારા દીકરા ઈસહાક માટે વહુ લાવજે.”

નોકર પોતાના શેઠ અબાહામના દસ ઊંટ અને જાતજાની સારામાં સારી ભેટસોગાદો લઈને મેસોપોતામિયામાં આવેલા અબાહામના મૂળ વતન પહોંચ્યોં. ત્યાં તને શહેર બહારના કૂવા પાસે પાણી ભરવા આવેલી રિબકાનો ભેટો થયો. તે અબાહામના ભાઈ નાહોર અને એની વહુ મિલકાના દીકરા બથુએલની દીકરી થતી હતી. તે દેખાવે ખૂબ રૂપાળી હતી અને કુંવારી હતી.

રિબકાએ પોતાને ઘરે જઈને અબાહામના નોકરને કૂવા પર મળવાની વાત કરી. રિબકાનો ભાઈ લાબાન કૂવા પર દોડી આવીને અબાહામના નોકરને પોતાને ઘેર તેડી ગયો. અબાહામનો નોકર પોતાની સાથેના માણસો અને

ઊંટો લઈને રિબકાના પિતા બથુએલને ઘેર ગયો. રિબકાના ભાઈ લાબાને ઊંટો માટે ઘાસચારો આપ્યો અને અબ્રાહામનો નોકર અને તેની સાથેના માણસોના પગ ધોવા માટે પાણી પણ આપ્યું.

પોતાની આગળ પીરસેલા ભાણે બેસતાં પહેલાં અબ્રાહામના નોકરે પોતાના યજમાનને કહ્યું. "હું શા કામે આવ્યો છું તે કહ્યા પહેલાં હું જમીશ નહિ." પછી તેણે પોતાના ખૂબ ધનવાન શેઠ અબ્રાહામ અને શેઠના દીકરા ઈસહાકની વાત કરી અને પોતાના અબ્રાહામના મૂળ વતનમાં આવવાનો હેતુ અને શહેર બહારના કૂવા પર રિબકાને મળ્યાનો પ્રસંગ વર્ણવ્યો.

રિબકાના પિતા બથુએલ અને ભાઈ લાબાને અબ્રાહામના નોકર સમક્ષ રિબકાને ધરી ત્યારે બાઈબલ નોંધે છે તેમ, "અબ્રાહામના નોકરે પ્રભુને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને સોનારૂપાના દાગીના તથા વસ્ત્રો કાઢીને રિબકાને આપ્યા, તેણે તેના ભાઈને તથા માને સુદ્ધાં કીંતી દાગીના આપ્યાં."

બીજે દિવસે રિબકા અબ્રાહામના નોકર અને તેના માણસો જોડે જવા તૈયાર થઈ. એટલે "લાખો પુત્રોની માતા થજે" ના આશીર્વાદથી કન્યા રિબકાને અબ્રાહામના નોકર અને તેના માણસો સાથે વિદાય કરવામાં આવી.

ઈસહાક પોતાના ખેતરાં ફરતો હતો ત્યારે તેણે દૂરથી ઊંટો સામે આવતાં જોયાં. રિબકાએ નજર ઊંચી કરી તો ઈસહાકને જોઈને નોકરને પૂછ્યું. "પેલો માણસ ખેતરમાં આપણી તરફ આવે છે તે કોણ છે?" નોકરે કહ્યું "એ મારો શેઠ છે." એટલે રિબકાએ રિવાજ પ્રમાણે બુરખો ઓઢી લીધો.

નોકરે ઈસહાકને પોતે જે જે કર્યું હતું તે તથા કેવી રીતે રિબકાનો મેળાપ થયો હતો તે બધું કહી સંભળાવ્યું. પછી ઈસહાકને રિબકાને તંબૂમાં લઈ આવ્યો. અને તેનો પોતાની પત્ની તરીકે સ્વીકાર કર્યો. રિબકા ઉપર તેને પ્રીતિ પ્રગટી એટલે પોતાની માના આવસાનનું દુઃખ તે ભૂલી ગયો.

ઈસહાક ચાલીસ વર્ષની વયે રિબકાને પરણ્યો હતો. પણ તેની પત્નીને બાળકો નહોતાં. આથી તેણે તેને માટે પ્રભુની પ્રાર્થના કરી અને તે પ્રભુએ મંજૂર રાખી અને રિબકાને ગર્ભ રહ્યો. જ્યારે તેને પૂરા દિવસ થયા ત્યારે માલૂમ પડયું કે એના પેટમાં જોડિયાં છોકરાં છે. પહેલો જન્મ્યો તે લાલ હતો. તેને આખે શરીરે વાળ હતા.જાણે કામળો ન હોય, આથી તેનું નામ એસાવ પાડયું. ત્યાર પછી તેનો ભાઈ જન્મ્યો અને તેના હાથે એસાવની એડી પકડેલી હતી. આથી તેનું નામ યાકોબ પાડયું. એ જન્મ્યો ત્યારે ઈસહાકની ઉમર સાઠ વર્ષની થઈ હતી.જ્યારે છોકરાઓ મોટા થયા ત્યારે એસાવ કુશળ શિકારી થયો, યાકોબ શાંત પ્રકૃતિનો હતો અને તંબૂઓમાં સ્થિર થઈને

રહેતો હતો. ઇસહાકને એસાવ વહાલો હતો, કારણ, તે તેના શિકારનું માંસ ખાતો હતો, પણ રિકાબને યાકોબ વહાલો હતો.

હવે ઈસહાક રહેતો હતો તે કનાનીઓના દેશમાં દુકાળ પડયો. એટલે ઈસહાકે પોતાના માણસ અને ઢોરઢાંખર લઈને મિસર તરફ પ્રયાણ કર્યું. તેણે ઈશ્વરના આદેશથી મિસર પહોચતાં પહેલાં પલિસ્તીઓના રાજા અબીમેલેખ પાસે ગરાર  રહેવા માંડ્યું. ઈશ્વરે તેને દર્શન દઈને કહ્યું. "હું તારી મદદમાં રહીશ અને તને આશીર્વાદ આપીશ. હું તને અને તારા વંશજોને આ બધા પ્રદેશો આપીશ અને તારા પિતા અબાહામ આગળ મેં જે કસમ ખાધા હતા તે પૂરા કરીશ. હું તારા વંશજોને આકાશના તારા જેટલા વધારીશ ને એમને આ બધા પ્રદેશઓ આપીશ. અને તાકા વંશજોને કારણે પૃથ્વીની બધી પ્રજાઓ આશીર્વાદ પામશે, કારણ, અબહામે મારું કહ્યું કર્યું છે, મારા આદેશો, મારી આજ્ઞાઓ અને મારા નિયમો પાળ્યાં છે."

ઇસહાકે તે પ્રદેશમાં વાવેતર કર્યું અને તે જ વર્ષે સોગણો પાક ઊતર્યો. પ્રભુએ તેના ઉપર આશીર્વાદગ વરસાવ્યા અને તે ધનવાન થઈ ગયો. તે એટલાં બધાં ઘેટાં, બકરાં અને ઢોરઢાંખર તેમજ નોકરચાકરનો માલિક બન્યો કે પલિસ્તીઓ તેની ઈર્ષા કરવા લાગ્યા. આથી ઇસહાકે ત્યાંથી વાસ ઉઠાવી ગરારના સપાટ પ્રદેશમાં મુકામ કર્યો અને તે ત્યાં રહેવા લાગ્યો.

ત્યાંથી તે બેર-શબા ગયો. ત્યાં તે જ રાતે પ્રભુએ તેને દર્શન દઈને કહ્યું. "હું તારા પિતા અબાહામનો ઈશ્વર છું. ગભરાઈશ નહિ, કારણ હું તારી સહાયમાં છું અને મારા સેવક અબાહામને ખાતર તને આશીર્વાદ આપીશ. તારા વંશજોની વૃદ્ધિ કરીશ." આથી તેણે ત્યાં એક યજ્ઞવેદી બાંધી, પ્રભુની પૂજા કરી અને ત્યાં જ મુકામ કર્યો.

જ્યારે ઇસહાકનો મોટો દોકરી એસાવ ચોવીસ વર્ષનો થયો ત્યારે તેણે હિત્તી બેરીની દીકરી યહૂદિથ અને હિત્તી એલોનની દીકરી બારામાથ સાથે લગ્ન કર્યાં. તેણને ઈસહાક અને રિબેકાનું જીવન ઝેર કરી મૂક્યું.

પણ ઈસહાક એક સો અને એંસી વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો. એના જોડિયા દીકરાઓએ એનો હેબોનમાં એનાં માતાપિતા અને પત્ની રિકાબને દફનાવવામાં આવ્યાં હતાં તે જગ્યામાં દફનાવ્યો.

અબાહામ, ઈસહાક અને યાકોબ – એમ ત્રણ વડવાઓમાં ઈસહાકનું પાત્ર અને પિતા અબાહામ અને એના પુત્ર યાકોબનાં પાત્રોની સરખામણીમાં ઝાંખું અને નીરસ લાગે છે.

જ્યારે પાણી માટે ગૌચરભૂમિ માટે ઈસહાકના ગોવાળો અને સ્થાનિક ગરારના ગોવાળો વચ્ચે તકરાર થતી ત્યારે શાંતિ સ્થાપા માટે ઈસહાક ઝગડાવાળી જગ્યાએથી દૂર ચાલ્યો જતો.

એક વાર રાજા અબીમેલખ પોતાના મિત્ર અહુઝા અને પોતાના સેનાપતિ ફિકોલની સાથે ગરારમાં રહેતા ઈસહાકને મળવા ગયા ત્યારે તેમની જોડે કરાર કરીને મિત્રભાવે એમનાથી જુદો થયો હતો.